રજુ તારીખ	૨૧/૧૧/૨૦૨૨
દાખલ તારીખ	૨૧/૧૧/૨૦૨૨
ફેંસલ તારીખ	૨૯/૧૧/૨૦૨૫
સમયગાળો	વર્ષ : ૦૩ માસ : ૦૦ દિન :૦૮

મે. મજુર અદાલત નં. ૧, અમદાવાદ ના પ્રિસાઇડિંગ ઓફિસર
શ્રી કે.એન.સરવૈયા સાહેબ સમક્ષ.

રીકવરી (૩૩–સી ર) અરજી નં. : ૭૮૩/૨૦૨૨
આંક–૧૫

અરજદાર : **તેજેન્દ્ર દિનેશકુમાર બારોટ,**
રહે. બી–૧૬, સ્વેની એપાર્ટમેન્ટ,
અખબાર નગર પાસે, નવા વાડજ, અમદાવાદ.

: વિ રૂ ઘ્ધ :

સામાવાળા : **ઈ પ્રોકયોરમેન્ટ ટેકનોલોજીસ લી.**
બી–૭૦૪, ૭૦૫, વોલ સ્ટ્રીટ–ર,
ગુજરાત કોલેજ પાસે, ઓરીયન્ટ કલબની પાસે,
એલીસબ્રીજ, અમદાવાદ – ૩૮૦૦૦૬.

હાજર રહયા : અરજદાર તરફે : વિ. વ. શ્રી સી.પી.ગોહેલ
સામાવાળા તરફે : વિ. વ. શ્રી એસ.જી. પંચાસરા

–:: ચુ કા દો ::–

1. આ કામનાં અરજદારની હાલની આઈ.ડી. એકટ–૩૩(સી)(ર) મુજબની અરજીની ટુંકમાં હકીકત નીચે મુજબ છે.

આ કામના અરજદારે જણાવેલ છે કે, અરજદારે સામાવાળા સંસ્થામાં તા.૦૧/૦૭/૨૦૦૭ નાં રોજ કાયદેસર રીતે ઈન્ટરવ્યુ સિલેકટ કરી નોકરી પર રાખવામાં આવેલ હતાં અને અરજદારને સંસ્થામાં એકઝીકયુટીવ તરીકે નિમણુક કરવામાં આવેલ હતી અને અરજદારની નોકરી દરમિયાન કામગીરી સારી હોવાથી પ્રમોશન આપવામાં આવેલ હતું અને છેલ્લે મેનેજર તરીકે પોતાની ફરજ નિભાવી હતી અને અરજદારનો

તા. ૨૩/૧૨/૨૦૧૩ ના રોજ એપ્રેઝલ મુજબ છેલ્લો પગાર રૂા. ૫૫,૬૧૬/– (તમામ ભથ્થાઓ સહિત) કરવામાં આવેલ હતો અને અરજદારને એલાઉન્સીસ જેવા કે ઈન્સેનટીવ, કાર એલાઉન્સ, બોનસ ચુકવવામાં આવતું હતું અને નોકરી દરમિયાન સામાવાળા તરફથી કયારેય કોઈ નોટીસ, મેમો કે ચેતવણી આપવામાં આવેલ નથી અને અરજદારનો સર્વિસ રેકર્ડ બિલકુલ નિષ્કલંક અને ચોખ્ખો છે અને અરજદારે સામાવાળા સંસ્થા તા. ૦૧/૧૦/૨૦૧૪ ના રોજ ઈમેઈલ ધ્વારા એક મહિના પહેલા રાજીનામું આપવામાં આવેલ હતું અને તે મુજબ તા. ૦૧/૧૦/૨૦૧ ૪ સુધી પોતાની ફરજ બજાવેલ હતી અને અરજદારે સામાવાળા સંસ્થામાં કુલ ૭ વર્ષ સત્તા અને સળંગ નોકરી કરેલ છે અને છેલ્લો રાજીનામું આપી નોકરીમાંથી છુટ્ટા થયેલ છીએ અને અરજદારને સામાવાળા સંસ્થામાં તા. ૦૧ /૦૭/૨૦૦૭ થી તા. ૦૧/૧૦/૨૦૧૪ સુધી કુલ ૭ વર્ષ નોકરી કરેલ છે અને છેલ્લે અરજદારે તા. ૦૧/૧૦/૨૦૧૪ થી તા. ૩૧/૧૦/૨૦૧૪ સુધી ૩૧ દિવસ કામ કરેલ હતું અને તે કામગીરી દરમિયાનનો પગાર રૂા. ૫૫,૬૧ ૬/– બાકી હતો અને લોયલ્ટી ઈન્સેનટીવ રૂા. ૯૦,૦૦૦/– હતો, જે અંગે સામાવાળા સંસ્થાને લેખીત અને મૌખિક રજુઆત કરેલ હતી, જેનો કોઈ ઉત્તર આવેલ ન હતો અને અરજદારને સામાવાળા સંસ્થા પાસે લોયલ્ટી ઈન્સેનટીવ ચુકવવામાં આવેલ નથી. અરજદાર વધુમાં જણાવે છે કે સામાવાળાઓ મજુર કાયદાઓનું સરેરામ ભંગ કરતાં હતાં અને અરજદારને બાકી નીકળી કાયદેસરના અન્ય એલાઉન્સીસ તથા પગારની રકમ ન મળે તો પારાવાર નુકશાન જાય તેમ છે, જેથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અરજદારની રફેણમાં છે તેમજ બાકી પગાર લેવાનો કાયદેસરનો અધિકાર છે છતાં સામાવાળાઓએ ચુકવેલ નથી. અરજદાર વધુમાં દાદ માંગી જણાવે છે કે અરજદારે તા. ૦૧/૧૦/૨૦૧૪ થી તા. ૩૧/૧૦/૨૦૧૪ સુધી ૩૧ દિવસના કરેલ કામના બાકી પગારની રકમ રૂા. ૫૫,૬૧૬/– તથા સને ૨૦૧૩ –૨૦૧૪ ના લોયલ્ટી ઈન્સેનટીવ નો તફાવત રૂા. ૯૦,૦૦૦/– તથા સંસ્થાએ ચુકવેલ રકમ રૂા. ૫,૧૬૬/– બાદ કરતાં કુળ રૂા. ૧ ,૪૦,૪૫૦/– ૧૮ ટકા વ્યાજ સાથે ચુકવી આપવા તથા સામાવાળા પાસેથી

હાજરી પત્રક તથા રજાઓનું પત્રક કોર્ટમાં રજુ કરવા તથા અરજીનો ખર્ચ રૂા. ૧૦,૦૦૦/– સામાવાળા પાસેથી અપાવવા અરજ કરેલ છે.

2. આ કામમાં સામાવાળાને આંક–૩ થી નોટીસ કાઢતાં બેલીફશ્રીના શેરા મુજબ બજી ગયેલ પરંતુ સામાવાળા સંસ્થા તરફે કોઈ હાજર રહેલ ન હોઈ અરજદારની આંક–૪ ની અરજી હેઠળ સામાવાળા સંસ્થાનો જવાબ રજુ કરવાનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ.

3. અરજદાર તરફે રજુ કરેલ આંક–૬ ના સરતપાસ ના સોગંદનામાની સામાવાળા સંસ્થા તરફે ઉલટતપાસ કરવા કોઈ હાજર રહેલ ન હોઈ અરજદારની આંક–૭ ની અરજી હેઠળ સામાવાળા સંસ્થાનો ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ અને અરજદાર તરફે આંક–૯ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે અને સામાવાળા સંસ્થા તરફે કોઈ હાજર રહેલ ન હોઈ અરજદારની આંક–૧૦ ની અરજી હેઠળ સામાવાળા સંસ્થાનો પુરાવાનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ નામદાર અદાલતે એકતરફી તા. ૧૯/૦૪/૨૦૨૪ ના રોજ આંક–૧૧ થી હુકમ કરી અરજદારની અરજી અંશતઃ મંજુર કરવામાં આવેલ.

4. ત્યારબાદ સદર કામ રીસ્ટોર થતાં સામાવાળા સંસ્થા તરફે આંક–૧૨ થી વકીલાતનામું રજુ કરેલ અને સામાવાળા તરફે આંક–૧૩ થી જવાબ રજુ કરી જણાવેલ છે કે, અરજદારની અરજી સાચી નથી અને વધુમાં પ્રાથમિક મુદૃો ઉપસ્થિત કરી જણાવે છે કે, અરજદાર મેનેજર તરીકે ફરજ બજાવતાં હતાં અને પગારની રકમ રૂા. ૫૫,૬૧૬/– હતો અને અરજદારનો હોદૃો અને પગાર જોતાં અરજદાર વહીવટી મેનેજરની હેસીયતથી ફરજ બજાવતાં હતાં અને તેમનો માસિક પગાર રૂા. ૧૦,૦૦૦/– થી વધુ હતો, જેથી અરજદારનો સમાવેશ ધી આઈ.ડી.એકટની કલમ ૨(એસ) કામદારની વ્યાખ્યામાં થતો નથી તથા સદર અરજી નોકરીમાંથી છુટ્ટા કર્યાના સાત વર્ષ પછી દાખલ કરેલ હોઈ તેનું કોઈ યોગ્ય કારણ જણાવેલ ન હોઈ અરજી રદ થવાને પાત્ર છે તથા સદર અરજી ચલાવવાની સત્તા કે હકુમ નામદાર ઓથોરીટી ને ન હોઈ કે અરજીમાં માંગ્યા મુજબની રકમનો કોઈ એવોર્ડ,

સમાધાન કે કરાર થયેલ ન હોઈ રદ થવાને પાત્ર છે. વધુમાં સામાવાળાએ જણાવેલ છે કે, અરજદાર સામાવાળાને ત્યા નોકરીમાં જોડાયા ત્યારથી કાયદેસરના લાભો આપવામાં આવતા હતા અને અરજદાર છેલ્લે ડેપ્યુટી મેનેજરની હોદ્દાની રુઈએ ફરજ બજાવતા હતા અને અરજદારની કામગીરી અને હોદ્દો જોતાં તેમનો માસિક પગાર રૂા. ૧૦,૦૦૦/– થી વધુ હોઈ કામદારની વ્યાખ્યામાં આવતા નથી તથા અરજદાર સામાવાળાને ત્યાં નોકરીમાં દાખલ થયા ત્યારે ઓફર લેટર આપવામાં આવેલ હતો અને ત્યારબાદ પ્રમોશન આપવામાં આવેલ જેનો અરજદારે સ્વીકાર કરેલ હતો અને મેનેજરનો હોદ્દા વાંચી સમજીને અરજદારે તેમાં સહી કરેલ હતી અને અરજદારે તા.૦૧/૧૦/૨૦૧૪ ના રોજ રાજીનામું આપી નોકરીમાંથી છુટ્ટા થયેલ હતાં અને રાજીનામું આપ્યા બાદ ફરજ ઉપર હાજર થયેલ ન હોઈ ત્યારબાદનો પગાર ચુકવવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને અરજદારે તા. ૦૧/૧૦/૨૦૧૪ ના રોજ ઈમેઈલ કરી સ્વેરછાએ નોકરીમાંથી છુટ્ટા થવા રાજીનામું આપેલ છે, જેથી અરજદાર અરજીમાં માંગેલ કોઈ દાદ મેળવવા હકકદાર ન હોઈ અરજી રદ કરવા અરજ કરેલ છે.

5. આ કામે અરજદાર અને સામાવાળા સંસ્થા તરફે નીચે મુજબના મૌખિક પુરાવા અને દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

<u>અરજદાર તરફે મૌખિક પુરાવો :–</u>

અ.નં.	**વિગત**	**માર્ક / આંક**
૧	અરજદાર : તેજેન્દ્ર દિનેશકુમાર બારોટ નું જુબાની નું સોગંદનામું	૬

<u>અરજદાર તરફે દસ્તાવેજી પુરાવા :–</u>

અ.નં.	**વિગત**	**માર્ક / આંક**
૧	તા. ૦૧/૦૯/૨૦૧૨ ના રોજ આપેલ એપ્રેઝલ લેટર	૫/૧

૨	તા. ૧૪/૧૦/૨૦૧૪ ના રોજ ઈમેઈલ થી આપેલ રાજીનામું	૫/૨
૩	તા. ૧૭/૦૯/૨૦૨૨ ના રોજ આપેલ વકીલ નોટીસ	૫/૩
૪	તા. ૧૬/૦૯/૨૦૨૩ ના જુબાની ના સોગંદનામું તથા મુદૃતની જાણ કરતો પત્ર મોકલેલ તેની નકલ	૮/૧
૫	પોસ્ટ ઓફિસનો ટ્રેકીંગ રેકોર્ડ	૮/૨

6. અરજદાર તરફે રજુ કરેલ આંક–૦૬ ના સરતપાસ ના સોગંદનામા ની સામાવાળા સંસ્થા તરફે ઉલટતપાસ કરતાં અરજદારે જણાવેલ છે કે, એ વાત ખરી છે, કે હું ડેપ્યુટી મેનેજર તરીકે છેલ્લે નોકરી કરતો હતો. એ વાત ખરી નથી કે મારો સમાવેશ આઈ.ડી.એકટની કલમ ૨(એસ) મુજબ કામદારની વ્યાખ્યામાં થતો નથી, જેથી હું કોઈપણ દાદ મેળવવા હકકદાર રહેતો નથી. એ વાત ખરી છે કે મે તા. ૦૧/૧૦/૨૦૧૪ થી તા.૩૧/૧૦/૨૦૧૪ સુધી સામાવાળા સંસ્થામાં નોકરી કર્યા હોવા અંગેના કોઈ આધાર પુરાવા આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે મે તા. ૦૧/૧૦/૨૦૧૪ થી તા. ૩૧/૧૦/૨૦૧૪ સુધી સામાવાળા સંસ્થામાં ફરજ બજાવેલ હોવાનું ખોટું જણાવું છું. એ વાત ખરી છે કે અરજીમાં કરેલ માંગણી અંગે મારી તરફેણમાં કોઈ એવોર્ડ, સમાધાન કે કરાર થયેલ હોવા અંગેના કોઈ આધાર પુરાવા આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે સને ૨૦૧૩ –૨૦૧૪ ના લોયલ્ટી ઈન્સેનટીવની તફાવતની માંગણી કરેલ છે તે અંગે પણ કોઈ આધાર પુરાવા આ કામે રજુ કરેલ નથી.

7. અરજદાર તરફે આંક–૯ થી કલોઝીગ પુરસીસ રજુ કરેલ છે અને સામાવાળા સંસ્થા તરફે આંક–૧૪ થી કલોઝીગ પુરસીસ રજુ કરેલ છે.

8. અરજદાર તરફે દલીલ કરતાં જણાવેલ છે કે, અરજદાર સામાવાળા સંસ્થામાં તા.૦૧/૦૭/૨૦૦૭ થી ઈન્ટરવ્યુ લઈ સિલેકટ થઈ નોકરીમાં એકઝીકયુટીવ રીકે જોડાયેલ અને છેલ્લે પ્રમોશન લઈ મેનેજર તરીકે નોકરી કરતાં હતાં અને સામાવાળા ધ્વારા તેમને તા. ૦૧/૧૦/૨૦૧૪ થી તા. ૩૧/૧૦/૨૦૧૪ સુધીનો ૩૧ દિવસનો પગાર ચુકવવામાં આવેલ ન હોઈ

હાલની અરજી કરેલ છે અને સામાવાળાએ હાજર થઈ અરજદાર મેનેજર કક્ષાની ફરજ બજાવતા હોઈ કામદારની વ્યાખ્યામાં આવતા ન હોઈ તેવી તકરાર લીધેલ છે પરંતુ તેમની કામગીરી બાબતના કોઈ આધાર પુરાવા રજુ કરેલ ન હોઈ સદરહુ તકરાર ચાલી શકે તેમ ન હોઈ અરજદારે કરેલ માંગણી મંજુર કરવા અરજ કરેલ છે.

સામાવાળાએ દલીલ કરતાં જણાવેલ છે કે આ કામના અરજદાર છુટ્ટા થયા ત્યારે ડેપ્યુટી મેનેજર તરીકે ફરજ બજાવતા હતા જેથી તેમનો સમાવેશ આઈ.ડી. એકટ ની કલમ ૨(એસ) મુજબ કામદારની વ્યાખ્યામાં સમાવેશ થતો ન હોઈ અને અરજદારની તરફેણમાં કોઈ એવોર્ડ, સમાધાન કે કરાર થયેલ ન હોઈ અરજદારે કરેલ માંગણી તકરારી હોય, જેથી અરજદાર સામાવાળા પાસેથી કોઈ દાદ મેળવવા હકકદાર ન હોઈ અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

9. મારી સમક્ષ હાલની અરજીના ન્યાયીક નિકાલ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

– : : મુ દ્દા ઓ : : –

(૧) શું અરજદાર આઈ.ડી.એકટની કલમ ૩૩(સી–૨) હેઠળ સામાવાળા પાસેથી માંગ્યા મુજબ લેણી રકમ રૂા.૧,૪૦,૪૫૦/– મેળવવા હકકદાર થાય છે?

(૨) શું હુકમ ?

10. ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

– : : નિ ર્ણ યો : : –

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

11. ઉપરોકત મુદ્દાઓના જવાબના કારણો નીચે મુજબ છે.

– : : કા ર ણો : : –

મુદ્દા નં.(૧) ::–

12. આ કામના અરજદારે હાલની આ અરજી ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ–૩૩ સી (ર) હેઠળ દાખલ કરેલ છે. સૌપ્રથમ આ ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ–૩૩ સીની જોગવાઈ જોઈએ તો,

<u>૩૩ સી માલિક પાસે લેણી રકમની વસુલાત</u>

(૧) કોઈ પતાવટ અથવા ચુકાદા હેઠળ અથવા પ્રકરણ–પ–ક અથવા પ્રકરણ –પ–ખ ની જોગવાઈઓ હેઠળ કોઈ માલિક પાસે કોઈ કામદારની કોઈ લેણી રકમ નિકળતી હોય ત્યારે તે કામદાર જાતે અથવા તેણે આ માટે લેખીત રીતે અધિકૃત કરેલી કોઈ બીજી વ્યકિત અથવા તે કામદાર મૃત્યુ પામ્યો હોય તો તેની એસાઈની અથવા તેના વારસો, વસુલાતની બીજી કોઈ પધ્ધતિને બાધ આવ્યા વગર, પોતાની લેણી રકમની વસુલાત માટે સમુચિત સરકારને અરજી કરી શકશે અને સમુચિત સરકારને ખાતરી થાય કે, કોઈ રકમ એ રીતે લેણી છે તો સરકારે તે રકમ માટેનું પ્રમાણપત્ર કલેકટર જોગ કાઢી આપશે અને કલેકટરે તે રકમ જમીન મહેસુલની બાકી હોય તે રીતે વસુલ કરવાની કાર્યવાહી કરવી જોઈશે.

પરંતુ એવી દરેક અરજી જે તારીખે કામદારની રકમ માલિક પાસે લેણી થાય તે તારીખથી એક વર્ષની અંદર કરવી જોઈશે.

વધુમાં સમુચિત સરકારને ખાતરી થાય કે, અરજદારને સદરહું મુદતની અંદર અરજી ન કરવા માટે પુરતું કારણ હતું તો એક વર્ષની સદરહુ મુદત પુરી થયા પછી એવી અરજી સ્વીકારી શકાશે.

(ર) કોઈ કામદાર માલિક પાસેથી કોઈ રકમ અથવા નાણામાં ગણતરી કરી શકાય તેવા કોઈ લાભ મેળવવા હકકદાર હોય ત્યારે લેણી રકમ અંગે અથવા ગણતરી કરતાં થતી

એવા લાભની રકમ અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે પ્રશ્નનો નિર્ણય સમુચિત સરકાર આ માટે નિર્દિષ્ટ કરે તો મજુર કોર્ટે આ અધિનિયમ હેઠળ કરવામાં આવે તે નિયમને આધિન રહીને ત્રણ મહિના કરતા વધુ ન હોય તેટલી મુદતની અંદર કરી શકશે.

પરંતુ મજુર કોર્ટના પ્રમુખ અધિકારી તેમ કરવું જરૂરી અને ઈષ્ટ ગણે ત્યારે તે લેખીત કારણોની નોંધ કરીને પોતે યોગ્ય ગણે તેટલી વધુ મુદત સુધી આવી મુદત લંબાવી શકશે.

(૩) કોઈ લાભનું નાણામાં મુલ્ય નકકી કરવા મજુર કોર્ટ પોતાને યોગ્ય લાગે તો કમિશ્નર નીમી શકશે, જેમણે જરૂરી હોય એવો પુરાવો લીધા પછી મજુર કોર્ટને રીપોર્ટ સાદર કરવો જોઈશે અને મજુર કોર્ટ કમિશ્નરનો રીપોર્ટ અને કેસના બીજા સંજોગોની વિગતોની વિચારણા કર્યા પછી તે રકમ નકકી કરવી જોઈએ.

(૪) મજુર કોર્ટે પોતાનો નિર્ણય સમુચિત સરકારને મોકલવો જોઈશે જે મજુર કોર્ટ લેણી ઠરાવેલી રકમ પેટા કલમ–૧ માં જોગવાઈ કરેલી રીતે વસુલ કરી શકશે.

(૫) એક જ માલિક હેઠળ કામે રાખેલા કામદારો તેની પાસેથી કઈ રકમ અથવા નાણામાં ગણતરી કરી શકાય એવો લાભ મેળવવા હકકદાર હોય ત્યારે આ માટે કરવામાં આવે તે નિયમોને આધિન રહીને ગમે તેટલા કામદારો વતી અથવા તેમના સંબંધમાં લેણી રકમ મેળવવા માટે એક જ અરજી કરી શકશે.

13. આ કામના અરજદારે હાલની આ અરજી ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ–૩૩ સી (૨) હેઠળ દાખલ કરેલ છે. આ કલમમાં સ્પષ્ટપણે જણાવેલ છે

કે કોઈ કામદારની માલિક પાસે કોઈ રકમ અથવા નાણામાં ગણતરી કરી શકાય તેવી કોઈ રકમ મેળવવા હકકદાર થતા હોય તેનો અર્થ એ થાય કે અરજદારને કોઈ લેણી રકમ કોઈ પતાવટ અથવા ચુકાદા હેઠળ મેળવવા પ્રસ્થાપિત હકક કે અધિકાર હોવો જોઈએ. જયાં સુધી આ રીતે કોઈ પ્રસ્થાપિત હકક કે અધિકાર સાબિત ન કરે તો તેઓને ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ–૩૩ સી (૨) હેઠળ આવી અરજી કરવાનો હકક રહેતો નથી. ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ –૩૩ સી (૨) માં કોઈપણ કામદાર ત્યારે જ અરજી કરી શકે જયારે તેમની માંગણી મુજબની રકમ સંસ્થા પાસેથી લેણી રકમ મેળવવા કોઈ હકક પ્રસ્થાપિત હોય કે કોર્ટના હુકમ કે નિર્ણયથી પ્રાપ્ત થયેલ હોય. મજુર અદાલતને આ કલમ મુજબ એકઝેકયુટીગ કોર્ટના હુકમની અમલવારી કરવાની સત્તા છે તેમજ હુકમ મુજબ રકમ નકકી ન હોય તો તે રકમ નકકી કરવાની સત્તા છે પરંતુ કોઈ નવા હકક કે નવી તકરાર નકકી કરવાની સત્તા નથી. મજુર અદાલતને આ કલમ મુજબ એકઝેકયુટીગ કોર્ટ તરીકે હુકમની અમલવારી કરવાની સત્તા છે. પરંતુ કોઈ તકરાર નકકી કરવાની સત્તા નથી. ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ –૩૩ સી (૨) માં કોઈપણ હુકમની અમલવારી કરવાની સત્તા છે. આ કલમ નીચે અરજી કરતાં પહેલાં તેમણે માંગ્યા મુજબની લેણી રકમ મેળવવા તેમણે પ્રસ્થાપિત હકક કે અધિકાર છે તે હકીકત અરજદારે નિઃશંકપણે પુરવાર કરવી જોઈએ. આ પ્રસ્થાપિત હકક કે અધિકાર તેમણે હુકમ કે એવોર્ડ દ્વારા થયેલ હોવો જોઈએ. મજુર અદાલતને ફકત દરખાસ્ત કરવાની તેમજ એવોર્ડ કે હુકમ મુજબની રકમની ગણતરી કરવાની સત્તા છે.

14. આ કામમાં અરજદારે ધી આઈ.ડી.એકટની કલમ ૩૩(સી–૨) હેઠળ સામાવાળી સંસ્થા સામે માંગણી કરતી અરજી કરેલ છે. આ કામે અરજદારે સામાવાળા સંસ્થામાં નોકરી કરેલ હોય અને સામાવાળાએ અરજદારને તા.૦૧/૧૦/૨૦૧૪ થી તા. ૩૧/૧૦/૨૦૧૪ સુધીનો ૩૧ દિવસનો બાકી પગાર રૂા. ૫૫,૬૧૬/– ચુકવેલ ન હોય, જેથી હાલની અરજી કરેલ છે અને સામાવાળાએ જવાબમાં એવી તકરાર લીધેલ

છે કે અરજદાર મેનેજર તરીકે નોકરી કરતાં હોય જેમનો સમાવેશ આઈ.ડી. એકટ ની કલમ ૨(એસ) મુજબ કામદારની વ્યાખ્યામાં થતો નથી.

આ કામે અરજદાર સામાવાળા સંસ્થામાં સને ૨૦૦૭ થી સને ૨૦૧૫ સુધી નોકરી કરતાં હોવા અંગે સામાવાળાએ કોઈ તકરાર લીધેલ નથી, જેથી અરજદાર અને સામાવાળા સંસ્થા વચ્ચે માલીક નોકર ના સબંધ હોવાનું પ્રસ્થાપિ થાય છે અને સામાવાળાએ આ કામે એવી તકરાર લીધેલ છે કે અરજદાર નિમણુક પામેલ અને ત્યારબાદ અરજદાર મેનેજર તરીકે પ્રમોશન મેળવેલ હોય અરજદારનો કામદારની વ્યાખ્યામાં સમાવેશ થતો નથી.

વધુમાં આ કામે અરજદારની ઉલટતપાસમાં પણ તેમણે મેનેજર તરીકે સામાવાળા સંસ્થામાં નોકરી કરેલ હોવાનું સ્વીકારેલ છે અને તે હકીકત પણ સ્વીકારેલ છે કે તેમનો તા. ૦૧/૧૦/૨૦૧૪ થી તા. ૩૧/૧ ૦/૨૦૧૪ સુધી નોકરી કર્યા અંગેના કોઈ આધાર પુરાવા આ કામે રજુ કરેલ નથી અને એ હકીકત પણ સ્વીકારેલ છે કે અરજીમાં કરેલ માંગણી અંગે તેમની તરફેણમાં કોઈ એવોર્ડ, સમાધાન કે કરાર હોવા અંગેના કોઈ આધાર પુરાવા પણ રજુ થયેલ નથી. આમ આ કામના સામાવાળાએ અરજદારે ઉપરોકત દર્શાવેલ સમયમાં નોકરી કર્યા અંગેના કોઈ આધાર પુરાવા રજુ કરેલ ન હોય તથા અરજદાર તેમની સંસ્થામાં મેનેજર તરીકે ફરજ બજાવતાં હોવા અંગેની કરાર લીધેલ હોય તે હકીકત ધ્યાને લેતાં આ કામના અરજદારે કરેલ માંગણી અંગેની હકીકત તકરારી જણાતી હોઈ અને નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા **૨૦૨૨ લાઈવલો એસસી ૧૩૦ માં મે. બોમ્બે કેમીકલ ઈન્ડસ્ટ્રીઝ વિરુઘ્ઘ ડેપ્યુટી લેબર કમિશ્નરશ્રીના** ચુકાદામાં પણ **નામદાર સુપ્રિમ કોર્ટે** ઠરાવેલ કે જયારે અરજદાર અને સામાવાળા વચ્ચે નોકરી અંગે તકરાર હોય ત્યારે તે અંગે અરજદારે રેફરન્સ દાખલ કરી તેમના હકકો પ્રસ્થાપિત કરવા જોઈએ અને તે સિવાય આઈ.ડી. એકટની કલમ ૩૩(સી)(૨) મુજબની અરજી ટકવાપાત્ર રહેતી નથી. આમ, ઉપરોકત હકીકત ધ્યાને લેતાં અરજદારે સામાવાળા સંસ્થામાં ડેપ્યુટી મેનેજર તરીકે ફરજ બજાવતાં હોય અને તા. ૦૧/૧૦/૨૦૧૪ થી તા. ૩૧/૧૦/૨૦૧

૪ સુધી નોકરી કરવા અંગેના કોઈ આધાર પુરાવા રજુ કરેલ ન હોય, તે બાબત તકરારી જણાતી હોય અને અરજદારની તરફેણમાં કોઈ પ્રિ–એકઝીસ્ટીંગ રાઈટ ઉદભવેલ ન હોય, જેથી અરજદાર અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર ન હોઈ, જેથી મુદ્દા નં.(૧) નો જવાબ તે રીતે **"નકાર"** માં આપવામાં આવે છે અને મુદ્દાનં.(૨) અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–:: <u>હુ ક મ</u> ::–

– અરજદારની હાલની અરજી આથી નામંજુર યાને રદ કરવામાં આવે છે.

– ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

– લેબર કોર્ટ, અમદાવાદની રજીસ્ટ્રી ધ્વારા લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્યપધ્ધતિ) નિયમો ૧૯૪૭ અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ ૩૨ ની જોગવાઈ મુજબ સંબંધીત પક્ષકારને હુકમની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

હુકમ આજ રોજ તારીખ–૨૯ મી, માહે– નવેમ્બર, સને–૨૦૨૫ ના રોજ મારી સહી કરી, વાંચી–સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૯/૧૧/૨૦૨૫
સ્થળ : અમદાવાદ.

(કુત્બુદ્દીન નુરમોહંમદ સરવૈયા)
CODE : GJ00966
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબર કોર્ટ નં. ૧, અમદાવાદ.